# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરારને મધર ઓફ ઓલ ડિલ્સ ગણાવ્યો.**
2. **સંસદના અંદાજપત્ર સત્ર પહેલા સર્વપક્ષીય બેઠક યોજાઇ**
3. **સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે ઓપરેશન સિંદૂર અંગેના પાકિસ્તાનના ખોટા દાવાને નકાર્યો**
4. **ઈરાનમાં દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો સામેની કાર્યવાહીમાં 6 હજાર 126 લોકોનાં મોતની આશંકા**
5. **અંડર-19 વિશ્વ કપ 2026ના સુપર સિક્સ તબક્કામાં ભારત સામે ઝિમ્બાબ્વેએ બોલિંગ પસંદ કરી.**

,,.....................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# FINAL-PM ENERGY WEEK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરારને મધર ઓફ ઓલ ડિલ્સ ગણાવતા કહ્યું, આ કરાર વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે તાલમેલનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે કહ્યું કે, ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરાર ભારત-યુકે વેપાર કરારને પૂરક બનાવે છે અને તે ઉત્પાદન અને સેવા ક્ષેત્રને વેગ આપશે. પ્રધાનમંત્રીએ આજે ભારત ઊર્જા સપ્તાહનું વર્ચ્યુઅલ માધ્યમથી ઉદ્ઘાટન કરતાં આમ જણાવ્યું હતું.

બાઇટ: **PM-MODI-ON-EU**

ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે તેના પર ભાર મૂકતા શ્રી મોદીએ કહ્યું કે, ભારત ઊર્જા ક્ષેત્ર માટે તકોની ભૂમિ છે અને તે વૈશ્વિક સ્તરે પેટ્રોલિયમ ઉત્પાદનોના ટોચના પાંચ નિકાસકારોમાંનો એક છે.

બાઇટ: **PM-ON-ENERGY**

તેમણે ભાર મૂક્યો કે ભારત ઊર્જા સપ્તાહ દેશના ઊર્જા ક્ષેત્રને શોધવાનું એક પ્લેટફોર્મ છે અને તે વિશ્વભરના સંભવિત રોકાણકારોને આકર્ષે છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## PM EU TALKS - EARLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં યુરોપિયન પરિષદના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન આયોગના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે વાતચીત કરી. પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ અનેક કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

ભારત અને યુરોપિયન સંઘ વર્ષ 2004થી વ્યૂહાત્મક ભાગીદારો છે. 15મું ભારત-યુરોપિયન સંઘ શિખર સંમેલન 15 જુલાઈ 2020 ના રોજ વર્ચ્યુઅલી યોજાયું હતું. ભારત- યુરોપિયન સંઘ શિખર સંમેલનની અધ્યક્ષતા પ્રધાનમંત્રી અને યુરોપિયન સંઘ અને યુરોપિયન આયોગના પ્રમુખ કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## RAJNATH- EU

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે યુરોપિયન સંઘ સાથે દેશની વધતી ભાગીદારીનો પુનરોચ્ચાર કર્યો. સંરક્ષણ મંત્રીએ આજે નવી દિલ્હીમાં યુરોપિયન સંઘના પ્રતિનિધિમંડળ સાથે બેઠક યોજી હતી.

તેમણે કહ્યું કે, આ ભાગીદારી સંરક્ષણ સહયોગ વિકસાવવા માટે વૈશ્વિક સ્તરે જટિલ વાતાવરણમાં બંને પક્ષોને એકસાથે લાવે છે. સંરક્ષણ

મંત્રીએ વૈશ્વિક શાંતિ અને સુરક્ષા પ્રત્યે દેશની પ્રતિબદ્ધતા પર પણ ભાર મૂક્યો.

યુરોપિયન આયોગના ઉપ-પ્રમુખ કાજા કલ્લાસે સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી પર હસ્તાક્ષરને એક સીમાચિહ્નરૂપ ગણાવતા કહ્યું કે તે બંને પક્ષો વચ્ચે સંરક્ષણ સહયોગને મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## ALL PARTY MEETING- EARLY

સંસદના અંદાજપત્ર સત્ર પહેલાની સર્વપક્ષીય બેઠક આજે નવી દિલ્હીમાં સંસદ ભવન સંકુલમાં યોજાઈ.

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ બેઠકની અધ્યક્ષતા કરી. રાજ્યસભામાં ગૃહના નેતા જેપી નડ્ડા, કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ અને ડૉ. એલ. મુરુગન બેઠકમાં ઉપસ્થિત રહ્યા.

કોંગ્રેસ નેતા જયરામ રમેશ, ડીએમકે નેતા તિરુચી શિવ, તૃણમૂલ કોંગ્રેસના નેતા સાગરિકા ઘોષ, સમાજવાદી પાર્ટીના સાંસદ રામગોપાલ યાદવ સહિતના અન્ય નેતાઓ પણ બેઠકમાં હાજર રહ્યા.

સંસદનું અંદાજપત્ર સત્ર આવતીકાલથી શરૂ થશે, જે બીજી એપ્રિલ સુધી ચાલશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ......

**V/C - NARGIS**

. . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA UN- SINDOOR

ભારતે આજે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાન પર વળતો પ્રહાર કર્યો અને ઓપરેશન સિંદૂર અંગેના તેના ખોટા વર્ણનને નકારી કાઢ્યું. ભારતે ભારપૂર્વક જણાવ્યું કે, ઇસ્લામાબાદને ભારતના આંતરિક મામલાઓ પર, ખાસ કરીને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર પર ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી હરીશ, સુરક્ષા પરિષદની આંતરરાષ્ટ્રીય કાયદાના શાસનને પુનઃસ્થાપિત કરવા: શાંતિ, ન્યાય અને બહુપક્ષીયતાને પુનર્જીવિત કરવાના માર્ગો પર ખુલ્લી ચર્ચા દરમિયાન પાકિસ્તાનના રાજદૂત અસીમ ઇફ્તિખાર અહમદે આપેલ નિવેદનનો જવાબ આપી રહ્યા હતા.

પી હરીશે કહ્યું કે, પાકિસ્તાનનો હેતુ ભારત અને તેના લોકોને નુકસાન પહોંચાડવાનો છે. તેમણે પાકિસ્તાનના આ દાવાને નકારી કાઢ્યો કે ઓપરેશન સિંદૂર પર તેના પ્રતિભાવે એક નવી સામાન્યતા સ્થાપિત કરી છે. અને કહ્યું કે આતંકવાદને ક્યારેય સામાન્ય બનાવી શકાતો નથી.

. . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# RAJNATH- DRDO

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) એ અદ્યતન ટેકનોલોજી વિકસાવીને રાષ્ટ્રના સુરક્ષા માળખાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

આજે નવી દિલ્હીમાં DRDOના વૈજ્ઞાનિકોના સન્માન સમારોહમાં સંબોધન કરતાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે DRDO પાસે એરોનોટિક્સ, મિસાઇલ, શસ્ત્રો, એડવાન્સ

કમ્પ્યુટિંગ ક્ષેત્રોમાં 45 પ્રયોગશાળાઓ છે, જે તેને દેશની સંરક્ષણ ક્ષમતાઓનો આધાર બનાવે છે.

તેમણે વિશ્વમાં સતત વિકસિત થઈ રહેલી ટેકનોલોજી અંતર્ગત દેશના સંરક્ષણ માળખાને મજબૂત બનાવવા માટે જાહેર ક્ષેત્રના એકમો, ઉદ્યોગ અને શિક્ષણવિદો વચ્ચે સહયોગ સ્થાપવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA-UN UNSC REFORMS

ભારત અને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તાત્કાલિક સુધારાની હાકલ કરી છે અને ચેતવણી આપી છે કે, વધતા જતા વૈશ્વિક પડકારો વિશ્વ સંસ્થાની વિશ્વસનીયતા અને અસરકારકતા પર દબાણ લાવી રહ્યા છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી હરીશે જણાવ્યું કે અર્થપૂર્ણ સુધારામાં આંતરરાષ્ટ્રીય કાયદાના શાસનના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે કાયમી સભ્યોનો ઉમેરો સામેલ હોવો જોઈએ. તેઓ સુરક્ષા પરિષદની આંતરરાષ્ટ્રીય કાયદાના શાસનને ફરીથી સમર્થન આપવા પર ઉચ્ચ સ્તરીય ખુલ્લી ચર્ચામાં બોલી રહ્યા હતા.

મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ચેતવણી આપી કે વિશ્વના ઘણા ભાગોમાં, કાયદાના શાસનને જંગલના કાયદા દ્વારા બદલવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે સુરક્ષા પરિષદમાં વિલંબ કર્યા વિના સુધારો કરવો હિતાવહ છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## KERALA-ASSEMBLY SABARIMALA

કેરળમાં, વિપક્ષી યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના બે ધારાસભ્યોએ કેરળ વિધાનસભાની સામે વિરોધ પ્રદર્શન કરીને સબરીમાલા મંદિરમાં સોનાની ચોરીના કેસ અંગે દેવસ્વોમ મંત્રીના રાજીનામાની માંગણી કરી હતી.

વિપક્ષના નેતા વી.ડી. સતીસને આ કેસની તપાસ કરી રહેલા ખાસ તપાસ દળના કામકાજમાં મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા દખલગીરીનો આરોપ લગાવ્યો હતો. આ મુદ્દાને સંસ્થાકીય અખંડિતતાનો ગંભીર ભંગ ગણાવતા તેમણે જાહેરાત કરી કે વિપક્ષ પોતાનો વિરોધ વધુ તીવ્ર બનાવશે.

દરમિયાન વિપક્ષના આરોપોનો જવાબ આપતા, મુખ્યમંત્રી પિનરાયી વિજયને વિરોધને ખોટો ગણાવીને આ આંદોલન સરકાર સામે અસરકારક રીતે નહીં પરંતુ વડી અદાલતને પડકાર સમાન ગણાવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . .

## IRAN PROTEST

ઈરાનમાં, રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો પર કાર્યવાહીમાં 6 હજાર 126 જેટલા લોકોના મોત થયા હોવાની શક્યતા છે. જ્યારે બીજી તરફ, ઈરાનની સરકાર 3 હજાર 117 મૃત્યુઆંક દર્શાવે છે, જેમાં 2 હજાર 427 નાગરિકો અને સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે. બાકીનાને આતંકવાદી ગણાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## U-19 WORLD CUP CRICKET

ક્રિકેટમાં, અંડર-19 વર્લ્ડ કપની ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે મેચ રમાઈ રહી છે. ઝિમ્બાબ્વેએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી છે. છેલ્લા મળતા અહેવાલ મુજબ ભારતે વિના વિકેટે 44 રન બનાવ્યા છે.

ભારત અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અપરાજિત રહી છે, ગ્રુપ સ્ટેજ દરમિયાન અમેરિકા, બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ પર વિજય મેળવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## CRICKET-WPL

મહિલા પ્રીમિયર લીગ-**WPL** ક્રિકેટમાં, આજે વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે. આ મેચ સાંજે સાડા વાગે શરૂ થશે.

ગઇકાલે મુંબઈ ઈન્ડિયન્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 15 રનથી હરાવ્યું. ચાલુ સિઝનમાં ત્રીજી જીત સાથે, મુંબઈ ઈન્ડિયન્સ પાસે પ્લેઓફમાં જગ્યા બનાવવાની હજુ પણ તક છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .